# સંપાદકીય

## પાકિસ્તાની લશ્કરશાહીને જોરદાર ત્રણ થપ્પડ

આંતરરાષ્ટ્રીય અદાલતે ભારતીય નાગરિક કુલભૂષણ જાધવને પાકિસ્તાની લશ્કરી અદાલતે ફરમાવેલી ફાંસીની સજાના અમલ ઉપર તાત્કાલિક મનાઈહુકમ આપ્યો છે એટલું જ નહીં પણ આંતરરાષ્ટ્રીય અદાલતનો આખરી ચુકાદો આવે નહીં ત્યાં સુધી જાધવની સલામતી-હિફાજતની ખાતરી અને માહિતી અદાલતને આપવાનું ફરમાન થયું છે. પાકિસ્તાની લશ્કરશાહી અને લશ્કરી અદાલતના હેવાનિયતના આતંકવાદને વિશ્વની ભરી અદાલતમાં જે થપ્પડ પડી છે તેની ગૂંજ - પડઘા પાકિસ્તાનમાં જ નહીં વિશ્વભરમાં સંભળાશે. વિશ્વની અદાલતમાં ભારતનો આ ઐતિહાસિક વિજય છે. અદાલતના અગિયાર ન્યાયમૂર્તિઓએ સર્વાનુમતે વચગાળાનો મનાઈહુકમ આપીને પાકિસ્તાની વકીલની તમામ દલીલો નકારી કાઢી છે. એટલું જ નહીં ભારતના રાજદૂતને એમના નાગરિકને મળવાની પરવાનગી પણ આપવી જોઈતી હતી એમ જણાવાયું છે. ભારત અને પાકિસ્તાન વચ્ચેના આ વિવાદમાં આંતરરાષ્ટ્રીય અદાલતનું જ્યુરીસ્ડીકશન-કાર્યક્ષેત્ર નથી એવી પાકિસ્તાનની દલીલ પણ અદાલતે ફગાવી દીધી હતી. વિશ્વ અદાલતના આ વચગાળાના હુકમથી ભારતભરમાં રાહત અને સંતોષની લાગણી વ્યાપી છે. પાકિસ્તાન દગલબાજી કરીને જાધવને ઓચિંતી ફાંસી આપીને પોતાની ટાંગ ઊંચી બતાવશે એવી આશંકા હતી જેનો સ્વીકાર કરીને અદાલતે પાળ બાંધી છે- આખરી ચુકાદો અપાય નહીં ત્યાં સુધી જાધવની સલામતીની ખાતરી આપવી પડશે. અલબત્ત અદાલતમાં હાજર રહેલા પાકિસ્તાની પ્રતિનિધિને પત્રકારોએ આવી ખાતરીનો પ્રશ્ન પૂછયો ત્યારે તે મૂગે મોઢે, મૂંડી નીચી કરીને એમણે પીઠ બતાવી. આવી કોઈ ખાતરી આપવાની સત્તા એમને હોય નહીં તે સ્વાભાવિક છે. છતાં પાકિસ્તાની લશ્કરશાહીના ખેરખાં હવે કેવા ખોંખારા ખાય છે તે જોવાનું છે.

## આફ્રિકન ડેવલપમેન્ટ બેંક (એએફડીબી) જૂથની વાર્ષિક બેઠક તા. ૨૩ મેના રોજ ગાંધીનગર ખાતે યોજાશે : વડાપ્રધાનના હસ્તે ઉદઘાટન

આફ્રિકન ડેવલપમેન્ટ બેંક (એએફડીબી) જૂથના ઈતિહાસમાં પહેલી વખત તા. ૨૨થી ૨૬મી મે, ૨૦૧૭ દરમિયાન ગુજરાતના ગાંધીનગરમાં ભારત તેની વાર્ષિક બેઠકની યજમાની કરશે. આ વાર્ષિક બેઠક બેંકનો સૌથી મોટો કાર્યક્રમછે, વિશ્વભરના તેના ૮૧ સભ્ય દેશોમાંથી આશરે ૩૦૦૦ જેટલા પ્રતિનિધિ મંડળોની પ્રેરક ઉપસ્થિતિનું સાક્ષી મહાત્મા મંદિરનું કન્વેન્શન સેન્ટર બનશે. તા. ૨૩મી મે ૨૦૧૭ના રોજ ભારતના વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી આ વાર્ષિક બેઠકનું ઉદઘાટન કરશે.

આ સત્ર દરમિયાન બેંકના બોર્ડ ઓફ ગવર્નર્સ આફ્રિકન દેશો દ્વારા વિકાસને લગતા મુખ્ય પડકારો અને સર્વ સમાવેશક અને સાતત્ય પૂર્ણવિકાસ સિદ્ધ કરવાના વિવિધ પગલા વિશે પરામર્શ હાથ ધરાશે.એએફડીબી દ્વારા 'હાઈ ફાઈવએસ' નામની વ્યૂહરચના અપનાવવામાં આવી છે, જેમાં કૃષિ, ઉર્જા, ઔદ્યોગિકરણ, પ્રાદેશિક કનેક્ટીવીટી અને સામાજીક તથા આર્થિક તકો દ્વારા જીવન-ધોરણમાં સુધારણા સહિતના વિવિધ ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમની મુખ્ય થીમ 'ટ્રાન્સફોમ'ગ એગ્રીકલ્ચર ફોર વેલ્થ ક્રિએશન ઈન આફ્રિકા' છે, જેમાં ભારત અને આફ્રિકા વચ્ચે સહકારના અસાધારણ અવકાશોનો સમાવેશ છે.

ઈન્ડિયા આફ્રિકા ફોરમ સમિટ ૨૦૧૫ દરમિયાન, ભારતના વડાપ્રધાનશ્રી દ્વારા કરવામાં આવેલી ૧૦ બિલીયન અમેરિકન ડોલર લાઈન ઓફ ક્રેડિટની ઘોષણાથી આફ્રિકન દેશો સાથે ભારતના સંબંધો વધુ મજબૂત બનવાનો પ્રારંભ થયો હતો. લાઈન્સ ઓફ ક્રેડિટમાં ભારતના સહકાર થકી આફ્રિકન દેશોની વિવિધ યોજનાઓ માત્ર આર્થિક પીઠબળમાં જ નહીં પરંતુ કેપેસીટી બિલ્ડીંગ, આઈટી એજ્યુકેશન તથા ઉચ્ચતર શિક્ષણમાં પણ સહકાર સંપાદિત થયો છે.

આ વર્ષે બેંકની વાર્ષિક બેઠક પ્રાદેશિક સભ્ય દેશો દ્વારા સામેના પડકારોનું ચિંતન કરવાની ફરી એક તક પૂરી પાડશે. આ અવસરે અન્ય કાર્યક્રમોના આયોજનોની સાથે-સાથે આફ્રિકન દેશો સાથે આપણા આર્થિક સહકાર વધુ ગાઢ કરવાનો ઉદ્દેશ પાર પાડવા ભારત ઉત્સુક છે. સીઆઈઆઈની સહભાગીદારી સાથે ભારત સરકારે મુખ્ય કાર્યક્રમની સાથે સાથે આફ્રિકા ભારત સહકાર કાર્યક્રમનું આયોજન કર્યું છે. તેના સત્રોમાં મુખ્યત્વે કૃષિ, આરોગ્ય, ઇ-ગવર્નન્સ, રીન્યુએબલ એનર્જી, કૌશલ્ય વર્ધન અને શિક્ષણ, વેપાર તથા રોકાણ તેમજ ઉત્પાદન પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

આફ્રિકન દેશોને સુસંગત હોય એવી ભારતીય કંપનીઓની ટેકનોલોજી, સંશોધન અને સ્ટાર્ટ-અપ્સ સંબંધિત સામર્થ્ય પ્રદર્શિત કરવાના ઉદ્દેશ સહિત બેંકની આ વાર્ષિક બેઠક દરમિયાન ફિક્કીની સહભાગીદારીથી ભારત સરકારે પ્રદર્શનનું પણ આયોજન હાથ ધર્યું છે. આ પ્રદર્શનની થીમ બેંકની અગ્રિમતાના વિવિધ ક્ષેત્રોના કેન્દ્રિકરણની છે. આ બેઠક ભારતના અગ્રીમ ઉદ્યોગકારોના વ્યાપક સમૂહની ઉપસ્થિતિનું સાક્ષી બનશે.

વર્ષ ૧૯૮૨માં ભારત આફ્રિકન ડેવલપમેન્ટ ફંડ સાથે અને વર્ષ ૧૯૮૩માં આફ્રિકન ડેવલપમેન્ટ બેન્કૂ સાથે ૩૦ વર્ષ ઉપરાંત વિસ્તારેલા સહકારના વિસ્તૃત ઈતિહાસની શરૂઆત સાથે જોડાયું હતું. બેંક જૂથ સાથે ભારતનો સહકાર ચાર મુખ્ય સ્તંભો પર નિર્મિત થયો છેઃ જનરલ કેપિટલ ઈન્ક્રિઝ (જીસીઆઈ)માં પ્રદાન, એડીએફની પરિપૂર્ણતા તેમજ દ્વિ-પક્ષીય ટ્રસ્ટ ફંડમાં પ્રદાન, અત્યંત ઋણી ગરીબ દેશોને સહકાર આપવો તેમજ બહુ-પક્ષીય ઋણ ઘટાડાની પહેલ કરવી. બેંક સાથેના જોડાણથી લઈને હજુ સુધીમાં ભારતે તેના તમામ જનરલ કેપીટલ ઈનક્રીઝીસમાં સહકાર પુરો પાડ્યો છે. તાજેતરના આફ્રિકન ડેવલપમેન્ટ ફંડ એડીએફ-૧૪ (૨૦૧૭-૧૯)ની પરિપૂર્ણતા માટે નવેમ્બર ૨૦૧૬માં પ્રત્યેકની ગ્રાન્ટ તેમજ બ્રીજ લોન તરીકે ભારત ૨૯ મિલીયન અમેરિકન ડોલર માટે વચનબદ્ધ છે. ઈન્ડિયા ટેકનીકલ એન્ડ ઈકોનોમિક કોર્પોરેશન (આઈટીઈસી) પ્રોગ્રામ અંતર્ગત આફ્રિકન દેશોના અધિકારીઓને આશરે ૫૦૦૦ સ્કોલરશીપ ઓફર કરવામાં આવી છે. આફ્રિકામાં આપણા પાર્ટનર દેશોમાં આઈટીઈસી અભ્યાસક્રમો વ્યાપકપણે પ્રચલિત છે. આફ્રિકન પાર્ટનર દેશો દ્વારા ગત વર્ષે લગભગ ૪૦૦૦ સ્કોલરશીપનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

નવેમ્બર ૨૦૧૫માં પેરિસ ખાતે યોજાયેલી યુએન ક્લાઈમેટ ચેન્જ કોન્ફરન્સમાં લોન્ચ કરાયેલા ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ (આઈએસએ) સંદર્ભે આફ્રિકાનો સહકાર મળી રહે એવી ભારતની અપેક્ષા છે. તેમની ઉર્જાની વિશેષ જરૂરિયાતોને દિશા આપવા સોલાર સંસાધનોથી ભરપુર દેશોના જોડાણ તરીકે આઈએસએની પરિકલ્પના કરવામાં આવી છે. મોટા ભાગના આફ્રિકાના દેશો જેવા કે (બુર્કીના ફાસો, ડેમોક્રેટિક રીપબ્લિક ઓફ કોંગો, ઈથોપિયા, ગીનીયા બિસાઉ, લીબેરીયા, મડાગાસ્કર, માલી, નૌરુ, નાઈજર, રીપબ્લિક ઓફ ગીનીયા, સેનેગલ, સુદાન, તાન્ઝાનીયા અને ટોંગા) મળીને કુલ ૨૪ દેશોનો તેમાં સમાવેશ થાય છે અને તેમણે તા. ૧૫મી નવેમ્બર ૨૦૧૬ના રોજ આઈએસએ મરાકેચ ખાતે ફ્રેમવર્ક એગ્રીમેન્ટ પર હસ્તાક્ષર કરાયા હતા. તા. ૯મી જાન્યુઆરી ૨૦૧૭ના રોજ રવાન્ડાએ ફ્રેમવર્ક એગ્રીમેન્ટ પર હસ્તાક્ષર કર્યા હતા. આ આઈએસએ ફ્રેમવર્ક એગ્રીમેન્ટ પર હસ્તાક્ષર કરવા ગ્વાટેમાલા, ડી'જીબોટી, કોટ ડી'લ્વોરી, ઘાના, મોરીશીયસ, ચડ, યેમેન, કોમોરસ અને સોમાલિયાએ પણ સહમતિ દર્શાવી છે.

## સૈનિકો માટેની કલ્યાણ પ્રવૃત્તિ

યંત્રની પાછળ રહીને કામ કરનારી વ્યક્તિ પણ સુસજ્જ હોવી જોઈએ. એનડીએ સરકારનું એ ધ્યેય રહ્યું છે. જ્યારે કરોડો ડોલરના ખર્ચે શસ્ત્ર સરંજામ અને સાધનો ખરીદવામાં આવતા હોય ત્યારે યુધ્ધ દરમિયાન તેની અસરકારક સંચાલન કામગીરી સંભાળતા જવાનો અને ઓફિસરો પણ ખડતલ અને ખુશ મિજાજ હોય તે જરૂરી છે. એનડીએ સરકારે જ્યારથી સત્તા સંભાળી છે, ત્યારથી સરકારે પગાર ભથ્થાં અને પેન્શનમાં તો ભારે વધારો કર્યો જ છે પણ સાથે સાથે તેમનું જીવન આસાન બને તેવા કેટલાક પગલાં પણ ભર્યાં છે. લડત લડતા લશ્કરને જો તેના કલ્યાણની ખાતરી ન હોય તો કોઈ દેશ યુદ્ધ જીતી શકે નહીં. નાખુશ અને નારાજ સૈનિક દેશ માટે તેના જીવનનું બલિદાન આપી શકે નહીં. આથી એનડીએ સરકાર તેમનું મનોબળ ઊંચું રાખવા માટે નોંધપાત્ર અને જંગી કદમ ભરી રહી છે.

સૈનિકો જેના માટે છેલ્લા ૪ દાયકાથી લડત આપી રહ્યા હતા તે વન રેન્ક વન પેન્શન (OROP) ના સૌથી મોટા નિર્ણયની સરકારે ૭ નવેમ્બર, ૨૦૧૫ના રોજ જાહેરાત કરી હતી. આ નિર્ણયથી સરકારી તિજોરીને દર વર્ષે આશરે રૂ. ૮,૦૦૦ કરોડનો ખર્ચ થશે. આ નિર્ણયને કારણે સંરક્ષણ દળોના એક જ રેન્ક અને સર્વિસમાં એક સરખા વર્ષની કામગીરી ધરાવવતા સૈનિકોના પેન્શનમાં જે વિસંગતતા રહી હતી તેમાં સુધારો થઈ ગયો હોવાની ખાતરી થઈ છે. ગયા વર્ષે ૩૦ નવેમ્બર સુધીમાં ૧૯૬૪૩૫૦ જવાનોને પ્રથમ હપ્તાની રૂ. ૩૯૮૫.૬૫ કરોડની ઉચ્ચક ચૂકવણી કરી દેવામાં આવી છે. બીજા હપ્તામાં ૧૫,૪૫,૮૫૭ જવાનોને રૂ. ૨૨૮૧.૬૩ કરોડની ચૂકવણી થઈ ગઈ છે.

આ ઉપરાંત સરકારે ૭મા પગાર પંચની ભલામણોને નોટિફાય કરીને તેનો તા. ૩ મે, ૨૦૧૭ના રોજ સ્વિકાર કરી લીધો છે. આના કારણે સેનાના જવાનોના પગાર અને ભથ્થામાં મોટો વધારો થશે. સરકારે સૌ પ્રથમ વાર તમામ મિલિટ્રી સર્વિસના જવાનોના પગાર (MSP)માં આટલો જંગી અને નોંધપાત્ર વધારો કર્યો છે. આ ઉપરાંત વધુ જોખમી ફરજ બજાવતા નોકા દળ અને હવાઈ દળના જવાનો માટે ખાસ એલાવન્સની જાહેરાત કરવામાં આવી છે.

ફરજમાં ચાલુ હોય અને નિવૃત્ત થયા હોય તેવા તમામ ભૂતપૂર્વ જવાનોના સારા આરોગ્ય માટે દેશ ભરમાં એમ્પલોઈઝ કોન્ટ્રીબ્યુટરી હેલ્થ સ્કીમ (ECHS) હેઠળ વધુ પોલિ - ક્લિનિક અને રેફરલ હોસ્પિટલો શરૂ કરવામાં આવી છે. ભૂતપૂર્વ સૈનિકો અને તેમના આશ્રિતોને ગુણવત્તા યુક્ત તથા પોસાય તેવા દરે તબીબી સારવાર મળી રહે તે માટે કેટલાક પગલાં લેવામાં આવ્યા છે. હેલ્થ કેર ક્ષેત્રે જો સુધારા હાથ ધરવામાં આવ્યા છે તેમાં એક્સ - સર્વિસમેન કોન્ટ્રીબ્યુટરી હેલ્થ સ્કીમ (ECHS)ને સંપૂર્ણપણે ડિજિટાઈઝ કરવામાં આવી છે. આ યોજના હેઠળ અંદાજે ૫૦ લાખ લાભાર્થીઓને આવરી લેવામાં આવ્યા છે. આજની તારીખે યોજના ૨૬ પ્રાદેશિક કેન્દ્રો, અને ૪૨૬ પોલિકલિનિક મારફતે ચલાવવામાં આવે છે. કુલ ૧૪૪૫ સિવિલ હોસ્પિટલ્સને ECHSના લાભાર્થીઓને સારવાર આપવા માટેની પેનલમાં મૂકવામાં આવ્યા છે.

મહિલાઓના સશક્તિકરણ માટે અને તેમના કલ્યાણની કાળજી લેવા માટે સરકારે ફાઈટર સ્ટ્રીમમાં મહિલાઓને દાખલ કરી છે. આ રીતે મહિલાઓ હવે લાયકાત મુજબ તમામ શાખાઓ અને તમામ સ્ટ્રીમ ( જૂથ)માં દાખલ થઈ શકશે. આ યોજના હેઠળ મહિલાઓને એક સરખી ગુણવત્તા ધરાવતી (QRs) જરૂરિયાતો માટે પૂરૂષો જેટલું જ મહત્વ મળશે. આ ઉપરાંત પુરૂષ કે સ્ત્રી તરીકેની ગણનાને ધ્યાનમાં લીધા વગર મહિલાઓ અને શોર્ટ સર્વિસ કમિશનના સૈનિકોને એક સરખી ઊઈજ લાગુ પડશે. પરમેનન્ટ રીતે ફરજમાં લેવા માટે પણ એક સરખા ધોરણ અપનાવાશે. ૧૮ જૂન, ૨૦૧૬ એ ભારતીય મહિલાઓ માટે એવો ઐતિહાસિક દિન હતો કે જ્યારે ઈન્ડિયન એર ફોર્સની ૩ મહિલા પાયલોટસને ડુંડીગાલ ખાતે કમિશન કરવામાં આવી હતી અને મહિલા ફાઈટર પાયલોટ ધરાવતા ખૂબ ઓછા દેશોના સમૂહમાં ભારતને સ્થાન હાંસલ થયું છે.

પ્રધાનમંત્રીની ડિજિટલ ઈન્ડા પહેલ હેઠળ, લશ્કરના જવાનોની પસંદગી પ્રક્રિયા અને ડિજિટાઈઝેશન નેટવર્કનું ડિજિટાઈઝેશન પૂર જોશથી હાથ ધરવામાં આવ્યું છે. એક ખાસ સોફ્ટવેર સિસ્ટમ આર્મી રેકોર્ડ ઓફિસર્સ પ્રોસેસ ઓટોમેશન (ARPAN) ૨.૦નો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ વ્યવસ્થાને કારણે ૧૨ લાખથી વધુ જૂનિયર કમિશન્ડ ઓફિસર્સ પોતાનો સર્વિસ રેકર્ડ અને નોકરીની વિગતો ઓનલાઈન જોઈ શકશે.

તા. ૧ જુલાઈ, ૨૦૧૫થી લશ્કરમાં ભરતીની પ્રક્રિયાને પણ ઓન લાઈન કરવામાં આવી છે. ઓફિસરો, જેસીઓ અને અન્ય રેન્કની પસંદગી માટે ડિરેકટર જનરલ ઓફ રિક્રૂટમેન્ટની એક નવી વેબસાઈટ શરૂ કરવામાં આવી છે. દેશભરમાંથી લશ્કરમાં જોડાવા માગતા ઉમેદવારો લશ્કરમાં કારકિર્દીના વિકલ્પોની બાબત ઓન લાઈન જોઈ શકશે અને તેમાંથી માફક આવે તેવો વિકલ્પ પસંદ કરીને ઓન લાઈન અરજી કરી શકશે.

લશ્કરના પીઢ જવાનોને બહેતર અને ઘનિષ્ઠ સારવાર મળી શકે તે માટે ભારત સરકારે ડિરોકટોરેટ ઓફ આર્મી વેટર્નસની (DIVA)ની તા. ૧૪ જાન્યુઆરી, ૨૦૧૬ના રોજ વિવિધ પ્રકારની વેટર્ન કેર અને સપોર્ટ સર્વિસીસ માટે સ્થાપના કરવામાં આવી છે અને પીઢ જવાનો, વિધવાઓ તથા તેમના સંતાનોની દરેક ફરિયાદ સાંભળવા માટે એક સીંગલ પોઈન્ટ સંપર્ક વ્યસ્થાની ગોઠવણ કરવામાં આવી છે. આ માટેના નવા ડિરેકટોરેટનું ઉદઘાટન સૌપ્રથમ વેટર્ન ડેના ધિવસે કરવામાં આવ્યું તે બાબત પણ એક જોગાનુજોગ છે.

Edi:Chunilal S. Bhatt, Printer & Pub. : Mayur C. Bhatt, Place of Pub.: 201-2-8, Nandan Compllex,Opp. Mithakhali Rly Crossing, Mithakhali, Ahmedabad-6 Place of Printing : Mahadev Offset, B-4 Ravi Estate, Rustam Mill Compound, Dudheshwar, Ahmedbada-4. Owner : Kalyani Pub. Pvt. Ltd.

## પેઢીઓથી જેની વાટ જોતા હતા એ કચ્છી ધરાની પ્યાસ બુઝાવવા નર્મદાના નીર આખરે કચ્છમાં અવતરણ પામશે

શિયાળે સોરઠ ભલો.. ઉનાળે ગુજરાત....ચોમાસે વાગડ ભલો...એ કાયમી પાણીની અછત ભોગવતા વાગડને લગતી લોકોકતી હવે ભુતકાળ બની જશે. વાગડ ધરાની પાણીની પ્યાસ બુઝાવવા મા નર્મદાના નીર હવે કેનાલ મારફતે અવતરણ પામતાં વાગડનું આ પાણીની કાયમી અછતનું કારમું મહેણું હવે ભાંગશે અને મા નર્મદાના જળરાશીથી આ પંથકમાં સમૃધ્ધીના દ્વાર ખુલશે.

અફાટ વેરાન રણ ........ પીવાના પાણી માટે કિલોમીટરો સુધીની રઝળપાટ.... એમાંય વાવાઝોડા અને ભયાનક ભૂંકપ જેવી કુદરીત આફતો સામે અણનમ યોધ્ધા સમાન ઝઝુમતી કચ્છની ખુમીરવંતી પ્રજા આઝાદી પછીના દાયકાઓ સુધી પાણીની કાયમી અછતનો વિકલ્પ મેળવવા પેઢી દર પેઢી થી મીટ માંડીને બેઠી હતી. આ દાયકાઓ જુની આશાને ગુજરાતના તત્કાલીન મુખ્યપ્રધાન અને હાલના વડા પ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ૭૦૦ કિલોમીટર થી નર્મદાના નીરને કચ્છની ધરા સુધી પહોંચતા કરી નેવાના નીર મોભે ચડાવવાનું ભગરીથ કાર્ય સિધ્ધ કરી બતાવ્યું છે.

કચ્છના વાગડ પંથકમાં લોધેશ્વર પાસે આવેલ પમ્પીંગ સ્ટેશનથી કચ્છ જિલ્લાના તમામ જળાશયો, ડેમો અને તળાવોમાં કેનાલો વડે નર્મદાના નીર પહોંચાડી પાણીથી છલોછલ કરી દેવાના મહત્વાકાંક્ષી પ્રોજેકટનો શુભારંભ કેનાલમાં નર્મદાના નીર વહેવડાવી તા. ૨૨મી મે ના રોજ વડાપ્રધાન શ્રીનરેન્દ્રભાઇ મોદીના હસ્તે થનાર છે.

વરસાદી પાણી પર ખેતી કરી આકાશી રોજી કમાતા સોરાષ્ટ્ર – કચ્છની પ્રજા માટે ખેતરે પાણી પહોંચાડવાની અને પાણી વગર સુકાતી મોલાતને નવજીવન બક્ષવાની મહત્વાકાંક્ષાને પૂર્ણ કરવા વર્ષો જુની માંગને રાજય સરકાર અને હાલની કેન્દ્ર સરકારે નર્મદાના નીર કચ્છ સુધી પહોંચાડવા માટે સરદાર સરોવર નહેર યોજના થકી ભગરીથ કાર્ય પૂર્ણ કરેલ છે.

કાચબાના ઢાલ જેવી ભૂપુષ્ઠ ધરવતી ધરા પર નર્મદાના નીર પહોંચતા કરવાએ વિષમ કાર્ય છે. જેમાં કચ્છના તમામ વિસ્તાર સુધી પાણી પહોંચતી કરતી કુલ રૂા. ૧૪૨૭ કરોડની યોજના અંતર્ગત તૈયાર થયેલ કચ્છ શાખા નહેરની લંબાઇ નર્મદા યોજનાની મુખ્ય નહેરથી કુલ ૩૮૫.૮૧ કિ.મી. નીછે. જે નર્મદાની મુખ્ય નહેરમાંથી નિકળતી તમામ નહેરોમાં સૌથી લાંબી નહેર છે. કચ્છ શાખા નહેર એ બનાસકાંઠા અને પાટણ જિલ્લાથી ૮૪ કિ.મી.નું અંતર પસાર કરી કચ્છ જિલ્લામાં આવેલ નાનારણના ૧૦ કિ.મી. ઓળંગીને ૯૪ કિ.મી.ની સાંકળ કેનાલ મારફત કચ્છ જિલ્લામાં પ્રવેશે છે. કાચબાના ઢાલ જેવી વિષમ ભૂપુષ્ઠ ધરાવતી કચ્છ ભૂમી પર નીરને પહોંચતા કરવા કચ્છ નહેરમાં ૩(ત્રણ) સ્થળોએ વોટરફોલ મુકવામાં આવેલ છે. જેમાં બનાસકાંઠા જિલ્લાના ભાભર તાલુકાના ઈન્દરવા ગામે ૧૧.૨૫ મીટર ઉંચાઇનો ધોધ, પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકામાં કિલાણા ગામે ૮.૪૫ મીટર ઉંચો ધોધ તથા સાંતલપુર તાલુકાના મઢુત્રા ગામે ૮.૮૨ મીટર ઉંચો

ધોધ મુકવામાં આવેલ છે. જયારે કચ્છમાં પ્રવેશ્યા બાદ ૩ (ત્રણ) સ્થળોએ પમ્પીંગ સ્ટેશન મુકવામાં આવ્યા છે. જેમાં કચ્છના રાપર તાલુકામાં માંજુવાડા, નાની હમીરપુર તથા ભચાઉ તાલુકાના ભચાઉ પાસે લોધેશ્વર ખાતે ઉદવહન માટે પમ્પીંગ સ્ટેશનો મુકવામાં આવેલ છે.

કચ્છ શાખા નહેર માંથી કુલ ત્રણ પેટા શાખા નહેરો કાઢવામાં આવેલ છે. જેમાં ગાગોદર પેટા શાખાની લંબાઇ ૫૮ કિ.મી., વાંઢીયા પેટા શાખાની લબાઇ ૨૩ કિ.મી. તથા દુધઇ પેટા શાખાની નહેર ૭૫ કિ.મી. ની છે.

કચ્છ જિલ્લાના કુલ ૧ લાખ ૧૨ હજાર અને ૭૭૮ હેકટર જમીનને નર્મદાના પાણીથી નવપલ્લવિત કરવા કચ્છ શાખા નહેરની વહન ક્ષમતા ૧૨૦ઘ.મી./સેકન્ડથી વધારીને ૨૨૦ ઘ.મી. /સેકન્ડ કરવામાં આવી છે. કચ્છ શાખા નહેરથી જુદા જુદા વિસ્તારોએ પાણીની વહન ક્ષમતા જરૂરીયાત મુજબ જુદ. જુદી રાખેલ છે. આ મુજબ આ કચ્છ શાખા નહેર થી કચ્છના રાપર તાલુકાના ૪૭, ભચાઉ તાલુકાના ૩૩, ગાંધીધામ તાલુકાના ૮, અંજારના ૨૪, મુનદ્રાના૩૪, માંડવીના ૩૦ તથા ભુજ તાલુકાના ૬ ગામની મળીને કુલ ૧,૧૨,૭૭૮ હેકટર જમીનને પીયતનો લાભ મળવા પામશે. આ સાથે આ કેનાલને કારણે અને જળાશયો ભરાવાથી આસપાસના ગામોના પાણીના તળ પણ ઉંચા આવશે. આમ પ્રત્યક્ષ તથા પરોક્ષ રીતે સમગ્ર કચ્છને નર્મદાના નીરનો લાભ મળનાર છે.

આ અંગે સરકારનો અને ખાસ કરીને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીનો હર્ષની લાગણીસભર આભાર વ્યકત કરતા આ વિસ્તારના ધારાસભ્યશ્રી રમેશભાઇ મહેશ્વરી કહે છે કે છેલ્લા ઘણા દાયકાથી વાગડ પંથકના લોકો નર્મદાના પાણીની ચાતક નજરે વાટ જોઇ રહયા હતા. તે વેળા આવી પહોંચી છે. આગામી તા. ૨૨મી મેએ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના હસ્તે લોધેશ્વર ખાતે પમ્પીંગ સ્ટેશનથી નર્મદાના નીર કચ્છના વાગડ પંથક થી કચ્છની ધરા પર વહેવડાવવામાં અવનાર છે. આથી સમગ્ર વિસ્તારના સૌ ખેડૂતો, માલધારીઓ, વેપારીઓ અને અબાલ વૃધ્ધ સૌમાં હરખની હેલી ચડી છે.

આ પાણીમાંથી અમુક ટકા પાણી ઉધોગોને પણ મળવા જઇ રહયો છે ત્યારે આ વિસ્તારના પાણી આધારીત ઉધોગોનો પણ વિકાસ થશે આમ નવા નવા ઉધોગો સ્થપાતા આ વિસ્તારમાં રોજગારોનું પણ નિર્માણ થશે. ભુંકપ બાદ કચ્છમાં અનેક નવા ઉધોગો સ્થાપીત થયા છે. નર્મદાના નીરના કચ્છમાં અવતરણથી આ ઉધોગોને પણ પાણી મળતાં ઓધોગિક વિકાસને નવું જોમ મળ્યું છે આ અંગે સંતોષની લાગણી અનુભવતા ભચાઉ વિસ્તાર વિકાસના ચેરમેન શ્રી વિકાસ ભાઇ જણાવે છે કે ઔધોગિક એકમોને પાણીની સવલત મળતાં વાગડ વિસ્તારમાં ઔધોગીક વિકાસને નવી ઉંચાઇ મળશે તથા ગ્રામિણ ક્ષેત્રમાં ઔધોગીક વિકાસ થકી આર્થીક વિકાસ અને રોજગારીની નવી તકો સાંપડતાં શિક્ષિત યુવાધન જે રોજગારી માટે અન્યત્ર સ્થળાંતર કરી જતું હતું તે અટકશે અને આ પંથકના ગામડાઓનો વિકાસ થશે

કચ્છ શાખા નહેરથી કચ્છના કુલ ૧૮૨ ગામોની ૧ લાખ ૧૨ હજાર ૭૭૮ હેકટર જમીનને સિંચાઇનો લાભ મળનાર છે આથી સિંચાઇ માટેનું પાણી મળતાં અહીંના ખેડુતો કે જે અત્યાર સુધી માત્ર ચોમાસાના વરસાદ આધારીત ખેતી કરતા હતા તેઓ હવે નર્મદાના નીર આવતાં ત્રણ મોસમ લઇ શકશે. આ બાબતે હર્ષ વ્યકત કરતાં વોંધડા ગામના સરપંચ વાલાભાઇ ભગુભાઇ છાંગા સરકાર અને વડાપ્રધાનની મજબુત ઈચ્છાશક્તી અંગે આભાર પ્રગટ કરતાં જણાવે છે કે પહેલા આકાશી રોજી ઉપર નભતા હતા ખેત ઉત્પાદન સાવ નહિંવત થતું હતું. લોકોને પીવાના પાણી ભરવા પણ કિલોમીટરો સુધી ભટકવું પડતું હતું એમાં ખેતી માટે પાણીની આશા એ મૃગજળ સમાન હતી. પરંતુ હવે નમર્દાના નીર પહોંચતા પાણીના આ નવા કાયમી સ્ત્રોતના ઉદભવથી હવે ખેત ઉત્પાદન પણ વધશે અને ખેડૂતતો આર્થિક સમૃધ્ધ થશે જ સાથોસાથ પશુપાલકોને પણ નવજીવન મળશે અને દુધ ઉત્પાદન વધશે. આ માટે તેઓ હાલની રાજય સરકાર અને ખાસ તો તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેનદ્રભાઇ મોદીનો વિશેષ આભાર વ્યકત કરે છે.

આ કચ્છ શાખા નહેર વડે કચ્છના તમામ ૯૪૮ ગામો અને ૧૦ નગરોને પીવાના પાણીનો લાભ મળનાર છે. કચ્છમાં કાયમી ઓછો વરસાદ તથા રણ વિસ્તારને કારણે પીવાના પાણીની કાયમી મુશ્કેલીઓથી ત્રસ્ત મહિલાઓમાં રાહતની અને અનેરા હર્ષની લાગણી ફેલાવા પામી છે. દાયકાઓથી અહીંની મહિલાઓ પીવાના પાણી માટે કિલોમીટરો સુધી દુર જવું પડતું હતું આ મુશ્કેલી ભોગવનાર ભચાઉ તાલુકાના કરમરીયા ગામના જૈફ વયના માલીબેન રબારી નર્મદાના નીરના કચ્છમાં આગમન અંગે હર્ષની લાગણી વ્યકત કરતાં જણાવે છે કે ૨૨મીએ નર્મદાના નીર આવતાં આમારી વર્ષોથી પાણીની મુશ્કેલી વેઠતી મહિલાઓને હવે રાહતનો અહેસાસ થશે. કચ્છના લોકોને લીલાલહેરનો અનુભવ કરાવવા માટે આભારની લાગણી વ્યકત કરતાં તેઓ જણાવે છે કે નર્મદાના નીર આવતાં દિલમાં અનેરો હર્ષોલ્લાસ છવાયો છે. ગામે ગામે નર્મદાના નીરના વધામણા કરવા માટે અનેરો ઉત્સાહ જોવા

આભાર - નિહારીકા રવિયા મળે છે. તેઓએ પણ આ અનેરા ઓચ્છવને લાપસીના આંધણ મુકી વધાવ્યો છે. તે તથા ઘરના સૌ સભ્યો આ લાપસીના નૈવેધના પ્રસાદ વડે એક બીજાનું મોં મીઠું કરાવી આનંદના અવસરને માણી રહયા છે.

સમજણા થયાના અવસરથી માતા અને બહેનોને પાણીના એક બેડા માટે દુર સુધી ભટકતા જોયલી આ જ ગામની હેતલબેન છાંગા નામની કિશોરીની વાતમાં કે કેટલાય વર્ષોથી આ ગામ પાણી માટે નર્મદાના નીરના આગમનની વાટ જોતું હતું આજે આ નીર અહીં આવી પહોંચતા સૌ કોઇ સંતોષ અને હર્ષની લાગણી અનુભવે છે તેમાં નર્મદાના નીર આવતા આ વિસ્તારની બહેનોમાં ફેલાયેલી હર્ષની લાગણીનો પડઘો સ્પષ્ટ જણાઇ આવે છે

જયારે વિજપાસરના અગ્રણીશ્રી જનકસિંહ જાડેજા નર્મદાના નિરને વધાવતાં જણાવે છે કે આ વિસ્તારને આ નર્મદાના નીર થી સંજીવની મળી છે. નર્મદાના નીરથી ખેતીની જમીન અને મુંગા પશુઓને નવજીવન મળ્યું છે. મહિલાઓમાં પીવાના પાણી ઘરોઘર પહોંચતા કાયમી મૂશ્કેલી દુર થયાની લાગણી અનુભવે છે. સમગ્ર કચ્છમાં એક અનેરા ઓચ્છવનો માહોલ સર્જાયો છે.આજ ગામના ૭૫ વર્ષના રૂપાભાઇ રબારી મુંગા પશુઓને પાણી અને ઘાંસચારો હવે સુલભ બનશે

આમ સમગ્ર કચ્છમાં મા નર્મદાના નીર આવી પહોંચતા એક ઓચ્છવનો માહોલ જોવા મળી રહયો છે. સૌ કોઇ નર્મદાના વધામણા માટે ઉત્સાહભેર થનગની રહયા છે.

આગામી દિવસોમાં કચ્છ શાખા નહેર સાંકળ વડે ગાગોદર પેટા શાખા નહેર માંથી નિકળી વિશાખાઓ( ડીસ્ટ્રીબ્યુટરી, માઇનોર અને સબ માઇનોર શાખાઓ) વડે ફતેહગઢ, સાનગઢ, ઘેડી, દેશલપર, થાનપર, રાવ , રવેચી, ત્રામ્બો, જેશડા, સુઢાનવાંઢ, લાકડાવાંઢ, વનોઇ, સુવઇ, આડેસર જેવા કુલ ૩૭ ગામોને પાણી મળતું થશે. આમ વર્ષોથી પાણી માટે વલખા મારતા કચ્છમાં હવે દુષ્કાળ એ ભૂતકાળની બાબત બની જશે અને સમગ્ર કચ્છ પંથક લીલી નાઘેર સમો બની રહેશે. નર્મદાના નીરના આગમનથી હવે કચ્છ જિલ્લો સમૃધ્ધી થી છલોછલ બનશે. હવે વાગડમાં નર્મદાના નીર સાથે વિકાસનો વાયરો ફૂંકાશે તેમાં બેમત નથી.

**SUNGOLD CAPITAL LTD**

[CIN: L65910GJ1993PLC018956]
Regd off: House no. 7/13 opp White Tower, Station Road, Nandod, Rajpipla Narmada – 393145.
Corporate Off: B/618, 6th Floor,Jaswanti allied Business Centre, off: Ramchandra Lane extn, Malad (west), Mumbai - 400064
Tel no.022-28891692, 8108756812
Website: www.sungoldcapitallimited.com
Email: info@sungoldcapitallimited.com

**NOTICE**

**NOTICE** is hereby given that pursuant to regulation 29 read with Regulation 47 of SEBI (Listing Obligation and Disclosure Requirements), Regulations, 2015 that the meeting of the Board of Directors of the Company will be held on Sunday, May 28, 2017 at the corporate office of the Company inter alia, to consider and approve the Audited Financial Results for the quarter and year ended March 31, 2017.

For Sungold Capital Ltd
Sd/-
Bhumika Sidhpura
(Company Secretary)

Place: Mumbai
Date: 19.05.2017

**REALSTRIPS LTD.**
Manufacturer of Stainless Steel Strips & Coils

Regd. Office: Survey No.245, Village: Sari, Ahmedabad-Bavla Highway, Taluka: Sanand, Dist.: Ahmedabad 382220.
Phone : +91 92280 02011 / 02012
Email ID: ramcharan@realstrips.com,
website: www.realstrips.com
CIN: L27100GJ1990PLC014383

**Notice**

Notice is hereby given that pursuant to Regulation 29 read with Regulation 47 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 that a meeting of the Board of Directors of the Company will be held on Monday, 29th May 2017 at the registered office of the Company to consider and approve Audited Financial Results for the Year and Quarter ended on 31st March, 2017.

This Intimation is also available on the website of the Company at www.realstrips.com and on website of the Stock Exchange where the shares of the company are listed at www.bseindia.com.

For, Real Strips Limited
Sd/-
Prakashraj Jain
Jt. Managing Director

Place: Ahmedabad
Date: 19/05/2017

**Arman Holdings Limited**

Registered Office : 419, Rajhans Heights, Mini Bazar, Varachha Road, Surat– 395006.
Tel : 9586006569. Email ID : armanholdingsltd@gmail.com.
Website : www.armanholdings.in
CIN : L65993GJ1982PLC082961

**NOTICE**

Pursuant to Regulation 29 read with Regulation 47 of the Securities and Exchange Board of India (Listing Obligation and Disclosure Requirements) Regulation, 2015, Notice is hereby given that the meeting of the Board of Directors of Arman Holdings Limited is scheduled to be held on 29th May, 2017 at 3.00 P.M. to consider and approve the Audited Financial Results for the Fourth quarter and Financial Year ended on 31st March, 2017 and other matters as per the agenda at the Registered Office of the Company situated at 419, Rajhans Heights, Mini Bazar, Varachha Road, Surat –395006.

It is further informed that the Trading Window as described in "Code of conduct for Prohibition of Insider Trading ("the Code") adopted by the Company pursuant to the SEBI (Prohibition of Insider Trading) Regulations, 1992, read with SEBI (Prohibition of Insider Trading) Regulations, 2015 will remain closed from 19th May, 2017 to 30th May, 2017 (both days inclusive) for the Promoters/ Directors/ Officers/ Designated Employees of the Company and their Relatives ("the concerned persons"), for the aforesaid purpose of consideration of Audited results of the Company.

For Arman Holdings Limited
Sd/-
Altamish
Company Secretary

Place: Surat
Date: 19th May 2017